# મોટીખાવડીમાં હોટલમાંથી ૮૩ લાખના હેરોઈન સાથે ચાર પંજાબી ઝડપાયા

## આરોપીઓ પાસેથી હેરોઈનનો જથ્થો, રોકડ રૂપિયા, ૭ મોબાઈલ અને વજન કાંટો કબ્જે કર્યો, સપ્લાયરની શોધખોળ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના મોટીખાવડી વિસ્તારમાં મજૂરોની વસાહતની વચ્ચે નશાકારક પદાર્થને ઘુસાડવા માટેનું મોટું નેટવર્ક એસ.ઓ.જી. શાખાની ટુકડીએ પકડી પાડ્યું છે. પંજાબથી હેરોઈનનો માતબર જથ્થો લઈને એક હોટલમાં ઉતરેલા ૪ પંજાબી શખ્સોને ગઈ રાત્રે ઝડપી લીધા છે, અને તેઓની પાસેથી ૮૩ લાખથી વધુની કિંમતનો નશાકારક પદાર્થ હેરોઈનનો જથ્થો કબજે કરી લઇ વધુ પૂછપરછ હાથ ધરી છે. જેઓની પૂછપરછમાં પંજાબના મુખ્ય સપ્લાયરનું નામ ખુલ્યું છે. જેથી તપાસનો દોર પંજાબ સુધી લંબાવાયો છે.

જામનગર જીલ્લામાં નશીલા પદાર્થના વેપાર ઉપર રોક લગાવવા અને નશાખોરી રોકવા માટે 'નો ડ્રગ્સ ઈન જામનગર' હેઠળનું અભિયાન ચલાવવા માટે જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીએ એસ.ઓ.જી. શાખાને સૂચના આપી હતી જેથી સ્ટાફ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. દરમિયાન પોલીસ ઈન્સ્પેકટર બી.એન.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સપેકટર એ.વી. ખેરના માર્ગદર્શન મુજબ ગ્રામ્ય વિસ્તારમા પેટ્રોલીંગ હાથ ધરાયુ હતું.

જેમાં પૂર્વ બાતમીના આધારે મોટી ખાવડી ગામે આવેલી હોટલ ૬૬૬ ના રૂમ નં-૨૦૨ માં દરોડો પાડ્યો હતો. જ્યાં ઉતરેલા અને મૂળ પંજાબના વતની વિશાલસિંગ જસબીરસિંઘ મટ્ટુ, હરપ્રીતસિંગ તેજાસિંઘ મજવી, બિક્રમજીતસિંગ અમરજીતસિંઘ મરવી અને જગદિપસિંગ લખબિરસિંઘ ખેહરા કેફી માદક પદાર્થ હેરોઈન ૪૧૮ ગ્રામ કી. જેની બજાર કિંમત રૂા. ૮૩,૬૦,૦૦૦ થવા જાય છે, જેની સાથે મળી આવ્યા હતા.

આથી એસ.ઓ.જી. પોલીસે નસીલા પદાર્થ હેરોઈનનો જથ્થો અને રોકડા રૂપિયા, સાત મોબાઈલ ફોન, વજન કાટો વિગેરે મળી કુલ કિંમત રૂપિયા ૮૪,૧૪,૦૦૦ ના મુદ્દામાલ કબજે કરી લઈ તમામ ઈસમો વિરૂધ્ધ મેઘપર (પડાણા) પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૨(સી), ૨૯ મુજબ ગુનો દાખલ કરાવી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

વધુમાં આરોપીઓની પૂછપરછ હાથ ધરતા ઉપરોક્ત જથ્થો અમૃતસર- પંજાબમાં રહેતા ફિલિપ્સ ઉર્ફે ફૌજી નામના શખ્સ દ્વારા સપ્લાય કરવામાં આવ્યો હોવાથી તેને ફરારી જાહેર કરી તપાસનો દોર પંજાબ સુધી લંબાવાયો છે.

## ભાણવડના સાજડીયારી ગામે ખેતરમાંથી ૬.૩૮ લાખના કોપર પ્લેટ ચોરી જતા તસ્કરો

ખંભાળિયા : ભાણવડ તાલુકાના સાજડીયારી ગામમાં આવેલા એક ખેતરમાં તસ્કરો ખાબકી કોપરની પ્લેટોની ચોરી કરી લઈ ગયા હોય જે બનાવ અંગે ભાણવડ પોલીસમાં ફરિયાદ નોંધાવવામા આવતા પોલીસે સ્થળપર દોડી જઈ ગુન્હો દાખલ કરી તસ્કરોની શોધખોળ આરંભી છે.

મળતી માહિતી મુજબ ભાણવડ તાલુકાના સાજડીયારી ગામના પાટીયા પાસે આવેલા રામભાઈ કેશવાલાના ખેતરમાં ગત તા. ૫ ના રોજ કોઈ અજાણ્યા તસ્કરો ખાબક્યા હતા અને કોપર પ્લેટના ૪૪ બંચ જેમાં એક બંચમાં બે પ્લેટ હોય જે નાની મોટી ૮૮ પ્લેટ જેનો વજન આશરે ૫૩૨ કિલ્લો થતો હોઈ કુલમળી રૂપિયા ૬.૩૮ લાખના મુદામાલની ચોરી કરી લઈ જતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે જામનગરમાં ગોકુલનગર ખાતે રહેતા અને ખાનગી સિક્યુરિટી એજન્સીમાં નોકરી કરતા કિરણભાઈ ઉર્ફે કરણભાઈ રાણાભાઇ નંદાણીયાએ ભાણવડ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવતા પી. એસ. આઈ. બી. કે. કડછાએ આગળની તપાસ હાથ ધરી તસ્કરોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## મોટી ખાવડી નજીક બે વાહનોની વચ્ચે રિક્ષા સેન્ડવીચ થઈ ચાર વ્યક્તિ ઘાયલ

જામનગર : જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર મોટી ખાવડી નજીક ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. બે ભારે વાહનોની વચ્ચે એક પેસેન્જર રીક્ષા સેન્ડવિચ થઈ હતી, જે રિક્ષામાં બેસીને જામનગરથી વાડીનાર દરગાહે દર્શન કરવા માટે ગયેલી ત્રણ મહિલાઓ અને રિક્ષાચાલક સહિત ચાર વ્યક્તિ ઘાયલ થઈ છે, જે તમામને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના બેડી વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલક હુસેનભાઇ ઈસ્માઇલભાઈ જેડા (૩૨) કે જેઓ પોતાના આજુબાજુના વિસ્તારમાં રહેતી ત્રણ મહિલાઓ જરીનાબેન, જેતુનબેન અને હુરબાઈબેન, કે જે ત્રણેયને વાડીનાર દરગાહે દર્શન કરવા જવું હોવાથી ત્રણેયને રિક્ષામાં બેસાડીને વાડીનાર ગયા હતા, અને ત્યારથી જામનગર પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન મોટી ખાવડી પાસે રીક્ષાની પાછળ આવી રહેલા કોઈ અજાણ્યા ભારે વાહનના ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારી દીધી હતી, જે અકસ્માતમાં રીક્ષા આગળ જઈ રહેલા એક ટેન્કરમાં ઘૂસી ગઈ હતી, અને રીક્ષા બન્ને વાહનની વચ્ચે સેન્ડવીચ થઈ ગઈ હતી.

આ અકસ્માતમાં રીક્ષા ચાલક હુસેનભાઇ તેમજ પાછળ બેઠેલી ત્રણેય મહિલાઓને નાની મોટી અનેક ઈજાઓ થઈ હતી, અને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સમાં તમામ ને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જેમાં હુસેનભાઈ જેડાની હાલત નાજુક ગણાવાઈ રહી છે. આ અકસ્માતના બનાવ અંગે રીક્ષાચાલકના ભાઈ અકરમ ઈસ્માઈલભાઈ જેડા ની ફરિયાદ ના આધારે મેઘપર પોલીસે રિક્ષા અને પાછળથી ઠોકર મારનાર અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોધ્યો છે, અને તેની શોધખોળ હાથ ધરી છે.

## ભાણવડના નવાગામ ટીંબા ગામે યુવાનનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત

### પત્ની સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતા અંતિમ પગલું ભરી લીધું

ખંભાળિયા : ભાણવડ તાલુકાના નવાગામ ટીબા ખાતે રહેતા એક યુવાને પત્ની સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતા ટ્રેન હેઠળ ઝંપલાવી જિંદગી ટુકાવી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. આ મૃતકના ભાઈ દ્વારા જાણ કરવામાં આવતા ભાણવડ પોલીસે સ્થળપર દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

મળતી વિગત પ્રમાણે ભાણવડ તાલુકાના નવાગામ ટીબા ખાતે રહેતા કેશુભાઈ નાથાભાઈ કટારીયા નામના ૩૫ વર્ષના યુવાનને તેના પત્ની સાથે ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી ત્યારબાદ તે પોતાના ઘરેથી મોટરસાયકલ લઈ નીકળી ગયો હતો બાદ મોટા કાલાવડ ગામની ફાટક પાસેથી પસાર થતી ટ્રેન હેઠળ પડતું મૂકી તેણે આપઘાત કરી લેતા પરિવારમાં શોકનુ મોજુ ફરી વળ્યુ છે. આ બનાવ અંગે મૃતકના ભાઈ કમલેશભાઈ નાથાભાઈ કટારીયાએ ભાણવડ પોલીસ મથકે જાણ કરતા એએસઆઈ એમ. એ. રાણા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગળની કાર્યવાહી આરંભી હતી.

## લાલપુરના દલતુંગી ગામે ખેડૂતની વાડીમાંથી રૂ. ૨.૪૩ લાખની મગફળીની તસ્કરી

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના દલતુંગી ગામે એક ખેડૂતની વાડીમાંથી રૂપિયા ૨.૪૩ લાખની મગફળી કોઈ તસ્કરો ચોરી કરી ગયાની ફરિયાદ તેઓએ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ લાલપુર તાલુકાના દલતુંગી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ઘેલાભાઈ કરસનભાઈ વકાતર નામના ખેડૂતે પોતાની વાડીની ઓરડીમાં રાખેલી રૂપિયા૨,૪૩,૬૦૦ ની કિંમતની ૧૭૪ મણ મગફળીની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ લાલપુર પોલીસ મથકમાં નોંધાવી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ખેડૂતે પોતાની વાડીમાંથી મગફળીનો પાક તૈયાર કરીને જુદી જુદી ૮૭ બેગમાં કુલ ૧૭૪ મણ મગફળીનો જથ્થો તૈયાર કરીને ઓરડીમાં રાખ્યો હતો, જે મગફળી ગત ૨૭ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી સુધીના સમયગાળા દરમિયાન કોઇ તસ્કરો ચોરી કરી લઈ ગયા હતા. જે ફરિયાદના આધારે લાલપુરના પી.એસ.આઇ કે. એલ. ગળચર અને તેઓની ટીમેં બનાવના સ્થળે દોડી જઇ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## કલ્યાણપુરના ખાખરડા ગામે અકસ્માતે કુવામાં પડી જતા યુવાનનું મોત

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે કુવો ગાળવાનું કામ કરતી વેળાએ અકસ્માતે કુવામાં પડી જતા ગંભીર ઈજા થવાથી એક પરપ્રાંતિય યુવાનનું કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસની ટીમ સ્થળપર દોડી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજસ્થાન રાજ્યના ભીલવાર તાલુકાના બરાછ ગામમા રહેતો તિલોકસિંહ નેનુસિંહ રાવત નામનો ૨૮ વર્ષનો યુવાન ગત તા. ૨૮ ના રોજ કલ્યાણપુર પંથકના ખાખરડા ગામે આવેલી ધરણાંતભાઈ લખમણભાઇ ગોજીયાની વાડીમાં કુવો ગાળવાનું કામ કરતો હોય દરમ્યાન કુવામાંથી પથ્થરો પડતા તેનો પગ લપસી ગયો હતો આથી પડી જતા તેને માથાના અને છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાબડતોબ સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસમાં મોહનસિંહ નેનુસિંહ રાવત દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

## કાલાવડમાં દારૂની નાની-મોટી ૨૩૬ બાટલી સાથે શખ્સની અટકાયત, સપ્લાયરની શોધખોળ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડમાં વાડી વિસ્તારમાં દારૂ સંતાડયો હોવાની બાતમી પરથી એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો જતા સ્થળ પરથી ૨૩૬ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવતા મુદ્દામાલ સાથે જથ્થા એક શખ્સને ઝડપી લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી, કે કાલાવડમાં ખોડીયાર પરા વિસ્તારમાં રહેતો કેતન ઉર્ફે પીપીઓ વાલજીભાઈ વૈષ્ણવ નામનો શખ્સ વાડી વિસ્તારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરી રહ્યો છે, જેથી એલસીબીની ટુકડીએ ગઈ રાત્રે દરોડો પાડયો હતો, અને કેતન વૈષ્ણવને રૂપિયા ૫૯,૫૦૦ ની કિંમતની ૨૩૬ નંગ નાની ઈંગ્લિશ દારૂની બાટલીના જથ્થા સાથે ઝડપી લઈ તેની સામે કાલાવડ પોલીસ મધકમાં દારૂબંધી ભંગ અંગે ગુનો દાખલ કરાવ્યો છે.

આરોપીની પૂછપરછ દરમિયાન તેને ઉપરોકત દારૂનો જથ્થો કાલાવડ તાલુકાના મૂળીલા ગામમાં રહેતા મહિપાલસિંહ ઉર્ફે કાનો મહેન્દ્રસિંહ જાડેજાએ સપ્લાય કર્યો હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

